# બાયડમાં દેશનો પ્રથમ કેશલેસ સમૂહ લગ્નોત્સવ રવિવારે યોજાશે

## વિરમાયા વણકર સમાજ સુધારક સમિતિ-૪૭ ગામ સ્વયંસાથી વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત સમૂહ લગ્નમાં વ્યસનમુક્તિના સોગંદ લેવડાવવામાં આવશે

બાયડ, તા. ૧૬

દેશમાં અચાનક ચલણી નાણાની નોટબંધી થતાંની સાથે જ દેશભરમાં લોકો બેંકો અને એટીએમની લાઈનમાં આવી ગયા હતા અને તેના કારણે લોકોને તકલીફ અને ફરિયાદ વધી જતા આ સ્થિતિને પહોંચી વળવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કેશલેસ વ્યવહારની જનતાને અપીલ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી દ્વારા કેશલેસની અપીલના પગલે ગુજરાતના અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વણકર મસાજ દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ સમાજ દ્વારા આયોજીત કરવામાં આવેલ સમૂહલગ્નને કેશલેસ બનાવવામાં આવ્યો છે. જેથી લોકો કેશની તકલીફ ના પડે અને લોકોમાં કેશલેસ થવાની જાગૃતિમાં વધારો થાય અને રોકડની અછતના લીધે પ્રસંગ ના બગડે તેની વ્યવસ્થા કરાઈ છે.

બાયડ તાલુકાના વીરમાયા વણકર સમાજ સુધારક સમિતિ-૪૭ ગામ સ્વયંસાથી દ્વારા દ્વિતીય સમુહ લગ્નોત્સવ તા. ૧૯મી ફેબ્રુઆરીના રોજ યોજાવાના છે. જેમાં આયોજકોએ અને સમાજના લોકોની સહમતીથી દ્વિતીય સમુહ લગ્નોત્સવ કેશલેસ બનાવવામાં આવ્યો છે. આ સમૂહ લગ્નોત્સવમાં દાન-ભેટ સ્વિકારવાની પ્રવૃત્તિ, અન્ય લગ્નોત્સવ ખર્ચાઓ, સામાજીક વ્યવહારો ચેકથી અથવા કાર્ડથી કરવામાં આવશે. આ સમૂહ લગ્નોત્સવ ''સમાજ વ્યસન મુક્ત' બને તેવા ઉદ્દેશ અને પ્રચાર સાથે યોજવામાં આવી રહ્યું છે. બાયડ તાલુકાના અને અરવલ્લી જિલ્લા વિસ્તારના અલગ અલગ પાંચ જેટલા વણકર સમાજના પરગણાઓ દ્વારા આ દેશના સૌ પ્રથમ કેશલેસ સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.



સમૂહ લગ્નના આયોજક સમિતિના હોદ્દેદાર હસમુખ સકસેનાએ જણાવ્યુ હતુ કે આ સતત અમારી સમિતિનો બીજો સમૂહ લગ્નોત્સવ છે. આ સમારોહમાં એક પણ વ્યવહાર કેશમાં કરવામાં આવશે નહી. સમૂહલગ્નના આયોજન માટે જે કોઈ નાણાંકીય વ્યવસ્થા કરવામાં આવી છે એ ચેકથી કરવામાં આવી છે. જે લેવડ-દેવડ કરવામાં આવશે. તે પણ સંપૂર્ણ કેશલેસ જ હશે. આ ઉપરાંત મહેમાનો દ્વારા આપવામાં આવેલ સગુન અને શક્ય હશે તો કરિયાવર પણ કેશમાં રૂપાંતરીત કરી કેશલેસ ફોર્મામાં લેવાશે. આ દ્વિતિય સમૂહલગ્નોત્સવ સંપૂર્ણ કેશલેસ જ બનાવ્યો હોવાથી પ્રધાનમંત્રીના કાળા નાણાને નાથવાના અને ભ્રષ્ટાચાર મુક્ત દેશ નિર્માણની લડાઈમાં સહભાગી થવાના પ્રયત્નરૂપે સંપૂર્ણપણે કેશલેસ વ્યવહાર સાથે દેશનો આવો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. આ ઉપરાંત સમૂહલગ્નમાં હાજર સમાજના લોકોને વ્યસનમુક્ત થવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે.

# શામળાજી-ગડાદર હાઈવે નજીક અકસ્માતમાં કારચાલકનું મોત

શામળાજી, તા. ૧૬

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા ગડાદર ગામની સીમમાં બુધવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે ટ્રક-ટ્રેલરની પાછળ ઈન્ડીગો કાર ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાર ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અકસ્માત સર્જી ફરાર ટ્રક-ટ્રેલર ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

હિંમતનગર-શામળાજી હાઈવે પર બુધવારે રાત્રીના સુમારે ટ્રક-ટ્રેલર ચાલકની બેદરકારીના પગલે ગમખ્વાર અકસ્માત સર્જાતા અમદાવાદના કારચાલકનું ઘટનાસ્થળે શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યુ હતુ. શામળાજીથી અમદાવાદ તરફ જતી ટ્રક-ટ્રેલર ગાડી નં. (આરજે.૦૯. જીબી.૨૮૩૩)ના ચાલકે ગફલતભરી રીતે પૂરઝડપે હંકારી લાવી ગડાદર પાટીયા નજીક હાઈવે



પર એકદમ બ્રેક મારતા પાછળ પુરઝડે આવતી ઈન્ડીગો કાર (ગાડી નં. જીજે૨૭.એપી.૦૭૭૪) પાછળથી ટકરાતા ગાડીચાલક જસવંતભાઈ જગદીશભાઈ રાઠોડ (ઉં.વ.૩૨)ના શરીરે ગંભીર ઈજાઓ થતા શરીરમાંથી લોહી વહી જતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ.

અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતક કાર ચાલકને શામળાજી સિવિલ હોસ્પિટલ ખસેડી પોસ્ટમોર્ટમની કામગીરી હાથ ધરી હતી. અકસ્માતની જાણ તેના પરિવારજનોને થતા શામળાજી પોલીસ સ્ટેશને પહોચી મૃતકના પિતા જગદીશભાઈ મંગળભાઈ રાઠોડ (હાલ રહે. બાપુનગર, અમદાવાદ)ની ફરિયાદના પગલે અકસ્માત સર્જી કાર ચાલકનુ અકસ્માતમાં મોત નિપજાવવાનો ગુન્હો ટ્રક-ટ્રેલર ચાલક વિરૂદ્ધ નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. અકસ્માતના પગલે હાઈવે પેટ્રોલીંગ સઘન બનાવવાની માંગ સાથે અકસ્માત સ્થળે ધસી આવેલા આજુબાજુના લોકોએ વાહન ચાલકો અને ટ્રકચાલકો દારૂ પીને, નશો કરીને બેફામ વાહન હંકારતા હોવાથી અનેકવાર નિર્દોષ લોકોએ જાન ગુમાવવી પડી હોવાનો આક્રોશ ઠાલવ્યો હતો.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનને અડીને આવેલ વસાહતમાંથી નવ બકરાં ચોરાયા

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનની બાજુમાં આવેલ વસાહત માંથી ભર બપોરે નવ બકરાં- બકરીઓ કોઇ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં બકરાં માલિક દ્વારા પોલિસને જાણ કરવાં છતાં પોલિસ દ્વારા એક દિવસ વિત્યો છતાં ફરીયાદ હજુ પોલિસ ચોપડે નોંધવામાં આવી નથી.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ પોલિસ સ્ટેશન ને અડીને આવેલ રેવન્યુ સરકારી વસાહતમાં બપોરના સમયે ચરતાં હતાં તે સમયે વસાહત ની અંદર સફેદ કલરની કાળાં કાચ વાળી કાર આવી અંદર કરતા બકરાં નંગ- ૪ બકરી નંગ ૫ મળી ને કુલ-૯ એક ની કિંમત- ૫૦૦૦ કુલ- ૪૫૦૦૦ હજાર ના કોઇ અજાણ્યાં ચોર ઈસમો ચોરી કરી લઇ ગયા હતાં ત્યારે બકરાં ચળતાં હતાં તે સમયે ગાડી ગાડી સફેદ કલરની વસાહતમાં અંદર જતાં બકરાં માલિક દ્વારા જોવામાં આવી હતી પરંતુ તેવો સરકારી બાબુની ગાડી હોવાનું ભ્રમણામાં રહી ગયા હતાં ત્યારે તરત જ તેવોને બકરાં-બકરીયો સામે ચળતાના દેખાતા અંદર જઇ તપાસ કરતાંના હોવાથી તાત્કાલિક પાસે આવેલ પોલિસ સ્ટેશનમાં બકરાં માલિક ગોપાલભાઇ ભૈરવાભાઇ લુહાર દ્વારા જાણ કરતાં પોલિસે ખાલી પ્રાથમિક પુછપરછ બાદ પણ તેમણી ફરીયાદ લેવામાં આવી ન હતી અને એક દિવસ વિત્યો છતાં પોલિસ ચોપડે ફરીયાદીએ રજુઆત કરવા છતા ફરીયાદ નોંધવામાં આવી નથી ત્યારે હાલતો પોલિસ સ્ટેશન ને અડીને આવેલ વસાહતમાંથી નવ બકરાં-બકરીઓ ચોરી થતાં હાલતો પોલિસ પોતાની આબરૂના ધજાગરાના થાય અને આબરૂં સાચવવા માટે પોલિસ ચોપડે લીધું નથી ત્યારે આ ગરીબ પરિવાર ને કલેજે ઠંડક પડે તે માટે પણ બીજા દિવસે પણ પુરો થવા આવ્યો છતાં પોલિસ ફરીયાદ હજુસુધી નોંધવામાં આવી નથી.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

એજ લોહીનું ઘટક આપવું. તેનાથી એકજ લોહીની બોટલમાંથી ઘણા બધા લોકોને ફાયદો થાય એટલે કે જેને લોહી ઓછું હોય એને ખાલી રેડ સેલ આપવાના જેમાં પ્લેતેલાતે ઓછી હોય તેને platelate આપવાની અને જેને શરીર બડી ગયું હોય એટલે પ્લાઝમા અથવા તો સીરમ આપવાનું માટે દરેક બ્લડ બેંક હવે કોમ્પોનન્ટ એટલે કે લોહીના ઘટક આપે એવી રજૂઆત સરકારે કરવી કોઈએ જોકે લોહીના ઘટકો છુટા પાડવા વાચવા અને લખવામાં જેટલા સહેલા દેખાય છે તેટલું સહેલું છે નહિ. ઘટક છુટા પડવાના મશીન ખુબજ મોંઘા હોય છે અને એબધા કરતા કોઈપણ જંતુનો, virusનો ચેપના લાગે તે રીતે સાચવીને દર્દી સુધી પહોચાડવાનું કામ અઘરું હોય છે. માટે જ રક્તની જરૂર પડે ત્યારે સારી રીતે લોહીના ટેસ્ટ કરતી હોય તેવી બ્લડ બેંકમાંથી લોહી લેવાનો આગ્રહ રાખો હા કદાચ મોંઘુ હોઈ શકે પણ લંબે ગાળે સસ્તું પડે,

-sgpathlab@gmail.com

# કાંકરેજ તાલુકામાં શૌચાલયો બનાવવામાં ગેરરીતી થતી હોવાની ફરિયાદ

## કાંકરેજ તાલુકાના ઉચરપી, અમરનેસડા, શિહોરી, કુંવરવા, રવિયાણા, રતનગઢ સહિત કેટલાય ગામોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા ગેરરીતી : તંત્રની મિલીભગત હોવાની બુમરાડ

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકામાં ચાલતી



સરકારી યોજનાઓ જેવી કે સરકારી આવાસો, રોડ, રસ્તા, પાણીની પાઈપલાઈનો, ગટર લાઈનો તથા આંગણવાડીના ઓરડા તેમજ પ્રાથમિક શાળાથી માંડીને શૌચાલયમાં મસમોટા કૌભાંડ તાલુકાના અધિકારીઓની મિલી ભગતથી આચરાતા હોવાની બુમરાડો વર્ષોથી ઉઠવા પામી છે.

પરંત કાંકેરજ તાલુકામાં ભાડુઆત ટીડીઓની પોસ્ટ હોવાથી તંત્રમાં ઘોડા વગરની લગામ જેવી સ્થિતિ સર્જાવા પામી છે. ત્યારે થોડા જ દિવસો પહેલા શૌચાલયો બનાવ્યાને થયા છે ત્યાં જે શૌચાલયને કોઈ જે તે લાભાર્થીએ ઉપયોગ કર્યો



જ નથી કે તેમાં કોઈ પણ જાતની પાણીની વ્યવસ્થા નથી તેવા શૌચાલયોના બિલો બનાવીને કોન્ટ્રાક્ટરોને આપી દઈ પત્રમ્ પુષ્પમ્ કરી હરીઓમ સ્વાહા ત્યારે અમરનેસડામાં એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં લાભાર્થીને ૮૦ સિમેન્ટના બ્લોક તથા ૨ સિમેન્ટની થેલી આપીને ૩ ફૂટના ખાડા ખોદિ આપવામાં આવે છે અને કોન્ટ્રાક્ટર પોતે રૂ. ૧૨૦૦૦ ચાઉ કરી જાય છે. પરાગજી દિવણજી ગોહિલ તથા અન્ય એક પ્રા. શાળાની સામે જ્યાં કોઈ પણ પ્રકારની સુવિધા વગર તુટેલી હાલતમાં શૌચાલય આ કૌભાંડની ચાડી ખાય છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી તપાસ જાતે કરી જવાબદાર અને મિલીભગત વાળાઓ સામે કાર્યવાહિ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# કાંકરેજ તાલુકાના અમરનેસડા ગામે રોડ રસ્તા પાણીની સમસ્યા તો પુરી થઈ પરંતુ કોન્ટ્રાકટરને નાણાં ચૂકવવામાં વિલંબ

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકાની અમરનેસડા ગ્રામ પંચાયત સમરસ થવા પામી




હતી. જેમાં બિનહરિફ સરપંચ તરીકે રાયભણજી ગોહિલ ચૂંટાયા છે ત્યારે એક નવો વળાંક આવ્યો છે. જો કે ૨૫ તારીખે ચાર્જ સંભાળ્યો અને ૧૩-૨-૧૭ના રોજ વિકાસના કામો માટે ગ્રા.પં.માં ત.ક.મંત્રી, સરપંચ, સભ્યો ગ્રામજનો દ્વારા જુદા જુદા ૨૫ જેટલા કામોનો ઠરાવ કરવામાં આવ્યો જેમાં ગામનું તળાવ ઉંડુ કરવા માટે પ્રા. શાળામાં પ્રાર્થના શેડ, વરંડો તથા શૌચાલય જેવી સુવિધા માટે કામ કરવા ઠરાવો કરાયા હતા. જ્યારે ગ્રામલોકો દ્વારા મિડીયા સમક્ષ વિકાસના કામોની અને ગામમાં દબાણ હોવા બાબતે રજુઆત કરવામાં આવતો મામલો ગરમાયો હતો. જો કે અમરનેસડાના સર્વ નં. ૧૮૭ પૈકી ૧,૨,૩,૪માં દબાણ કરી વાવેતર કરવામાં આવેલ છે. પરંતુ આવા દબાણોને દૂર કરવામાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવતી ન હોવાનું ગામલોકો દ્વારા આક્ષેપ પ્રતિઆક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જો કે ચાલુ સરપંચ ગોહિલ રાયભણજી કાલુજી ખુદે આવુ દબાણ કરી જીરાનું વાવેતર કર્યા હોવાનું જાણવાનું બહાર આવતા સરપંચને પુછતા તેઓએ આ બાબતે મૌન સેવ્યુ હતુ. જો કે અમરનેસડામાં મેલડીમા સખી મંડળ દ્વારા કોન્ટ્રાક્ટ પદ્ધતીથી કામગીરી કરાતી હોવાથી તેમાં ગેરરીતીઓ અને ક્ષતીઓ કેમેરામાં કંડારાઈ હતી.

## મુખ્યમંત્રી પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શપથ લેવડાવવામાં આવ્યા હતા. પલનિસામી બે મહિનાની અંદર તમિળનાડુના ત્રીજા મુખ્યમંત્રી બન્યા છે. આ અગાઉ રાજ્યપાલે વહેલીતકે સરકાર રચવા માટે તેમને કહ્યું હતું. સરકારની રચનાને લઈને છેલ્લા ૧૦ દિવસથી ભારે ઉથલપાથલ ચાલી રહી હતી. હવે ૧૫ દિવસની અંદર જ વિશ્વાસમત મેળવવો પડશે. આજે સવારે રાજ્યપાલનો મળવા માટે પલનિસામી પહોંચ્યા હતા. પલનિસામીને મળ્યા બાદ ૧૨૪ ધારાસભ્યોનો ટેકો હોવાનો દાવો તેમના દ્વારા કરવામાં આવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટે આવક કરતા વધુ સંપત્તિના મામલામાં શશીકલાને ચાર વર્ષની જેલની સજા ફટકારી દીધી હતી. ત્યારબાદ શશીકલાએ પોતે જેલ જતા પહેલા ધારાસભ્યોની બેઠક બોલાવીને પલનિસામીને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. બુધવારના દિવસે શશીકલાએ બેંગ્લોરમાં ટ્રાયલ કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. ચાર વર્ષની સજા પૈકી બાકીના ત્રણ વર્ષ અને ૧૦ મહિનાની સજા તે હવે જેલમાં ગુજારશે. આ કેસમાં જયલલિતા મુખ્ય આરોપી તરીકે હતા. બુધવારના દિવસે પણ ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો.

## દત્તક પુત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રચંડ સમર્થન મળી ચુક્યું છે. દેશ આગળ વધી જાય અને ઉત્તરપ્રદેશ પાછળ રહી જાય તે બાબત યોગ્ય નથી. મોદીએ કહ્યું હતું કે, જે પણ ઉત્તરપ્રદેશમાં આવ્યા છે તે પોતાની વોટબેંકને સાચવવામાં વ્યસ્ત છે. વોટબેંકની સ્થિતિ સુધરી જાય તેમાં જ લાગેલા રહ્યા છે. ઉત્તરપ્રદેશને સપા, કોંગ્રેસ અને બસપાથી મુક્ત કર્યા વગર આગળ લઈ જઈ શકાય નહીં. ઉત્તરપ્રદેશે તેમને ખુબ જ તાકાત આપી છે જેના કારણે દેશમાં એક મજબૂત સરકાર બની છે અને તેમના આશીર્વાદથી જ એક ગરીબ પુત્ર વડાપ્રધાન પદ ઉપર પહોંચ્યા છે.

વડાપ્રધાને સપાના નેતા નરેશ અગ્રવાલના ગઢમાં રેલી યોજી હતી અને કહ્યું હતું કે, કૃષ્ણ ભગવાન ઉત્તરપ્રદેશમાં જન્મ્યા હતા અને ગુજરાતને કર્મભૂમિ બનાવી હતી. તેઓ ગુજરાતમાં જન્મ્યા છે અને ઉત્તરપ્રદેશે તેમને દત્તક લીધા છે. માતાપિતાની ચિંતા કરનાર પુત્ર તરીકે તેઓ સાબિત થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રથમ કેબિનેટ બેઠકમાં જ ખેડૂતોના દેવાને માફ કરી દેવામાં આવશે. યુરિયાની ઉપલબ્ધતા વધુ સરળ કરવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પણ સુધારવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ભાઈ ભત્રીજા વાદનો અંત લાવવામાં આવશે. રાજકીય હત્યાઓનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. પાકિસ્તાનની સામે સર્જીકલ હુમલાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, ગઈકાલે વૈજ્ઞાનિકોએ ૧૦૪ સેટેલાઈટ લોંચ કરી દીં છે. વિશ્વભરમાં આની પ્રશંસા થઈ છે.

## ત્રિપલ તલાક

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ઉપરાંત મામલામાં સંબંધિત કેટલાક પક્ષોએ પણ તર્કદાર દલીલો કરી હતી પરંતુ આ તમામ પ્રશ્નો ફરીથી રજૂ કરવામાં આવશે. કોર્ટે કહ્યું હતું કે, તમામ પક્ષ પોતપોતાના સવાલ ૩૦મી માર્ચ સુધી એટર્ની જનરલને આપી શકે છે. ત્યારબાદ કયા મુદ્દા ઉપર વિચારણા કરી શકાય છે તે અંગે નિર્ણય લેવામાં આવશે. કેન્દ્ર દ્વારા મુકવામાં આવેલા મુદ્દાઓનો ઉલ્લેખ કરતા બંધારણીય બેંચે કહ્યું હતું કે, આ તમામ બંધારણીય મુદ્દા સાથે સંબંધિત છે અને બંધારણીય પીઠે આની સુનાવણી કરવી જોઈએ. બંધારણીય પીઠે સંબંધિત પક્ષોને આગામી સુનાવણીની તારીખ ઉપર મહત્તમ ૧૫ પાનામાં પોતાની રજૂઆત કરવા માટે સ્પષ્ટ સૂચના આપી છે.

એક મહિલા વકીલે શાહબાનુ પ્રકરણમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને મામલાનો ઉલ્લેખ કર્યો હતો. તે વખતે બંધારણીય પીઠે કહ્યું હતું કે, કોઈપણ મામલામાં હંમેશા બે પક્ષ રહે છે. એમે ૪૦ વર્ષથી મામલામાં નિર્ણય કરી રહ્યા છે. કાયદા મુજબ જ આગળ વધવું પડશે. પીઠે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે તે આ મુદ્દા અંગે નિર્ણય લેવા માટે શનિવાર અને રવિવારના દિવસે પણ બેસવા માટે તૈયાર છે. કારણ કે, આ ખુબ જ મહત્વપૂર્ણ મામલો છે. કોર્ટમાં ગુરુવારની સુનાવણી બાદ કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ બંધારણ સાથે જોડાયેલો મામલો છે. સાથે સાથે આસ્થાનું પણ કેન્દ્ર છે પરંતુ ૨૦થી વધુ મુસ્લિમ દેશો જેને પહેલાથી જ પ્રતિબંધિત કરી ચુક્યા છે તે બાબત આસ્થા તરીકે હોઈ શકે નહીં.

## શશીકલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે કોર્ટમાં અપીલ કરી છે. જેને કોર્ટ દ્વારા જેલ વહીવટીતંત્રને મોકલી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સજા ફટકારી દીધા બાદ શશીકલાએ થોડોક વધારે સમય આપવાની માંગ કરી હતી. જેલ જતા પહેલા તે પોતાના પરિવાર અને અન્યોને મળવાની ઈચ્છા ધરાવતી હતી. જો કે તેની ઈચ્છા પૂર્ણ કરવામાં આવી ન હતી. કોર્ટે શશીકલાને કોઇ વધારે મહેતલ આપવાનો ઈન્કાર કર્યો હતો. જેલમાં શરેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ શશીકલાએ એક ઘડી અને સોનાની ચેઈન જમા કરાવી હતી. ત્યારબાદ તબીબી ચકાસણી કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન શશીકલાએ પણ અન્ય કેદીઓની જેમ જ ૪૦ મિનિટ સુધી મેડિકલ ચેક અપ માટે રાહ જોઈ હતી.

## આ પણ વાંચીએ...

### દુબઈમાં લોન્ચ થશે ફ્લાઈંગ ટેક્સી



જાણીતા પર્યટન સ્થળ દુબઈમાં ફ્લાઈંગ ટેક્સીનો ટેસ્ટ સફળ રહ્યો છે. જુલાઈ સુધીમાં તેને લૉન્ચ કરવાનો પ્લાન છે. ખાસ વાત એ છે કે આ ટેક્સીને પેસેન્જર ખુદ ઉડાવી શકશે. આ ટેક્સીને ચીનની ડ્રોન મેન્યુ ફેક્ચરર કંપનીએ બનાવી છે. તે એક કલાકમાં ૧૦૦ કિમી સુધી જઈ શકે છે.

### અહીં માત્ર ૮૪ રૂપિયામાં ફોન મળે છે



માત્ર ૮૪ રૂપિયામાં ફોન મળી શકે છે તેવી વાત કોઈના માન્યામાં નહી આવે. આ વાત સો ટકા સાચી છે પરંતુ તે માટે બાંગ્લાદેશ સુધી લાંબા થવુ પડે. રાજધાની ઢાકામાં શાકમાર્કેટની જેમ મોબાઈલ માર્કેટ ભરાય છે. અહીં બેઝિક ફોન માત્ર રૂ. ૮૪માં મળે છે. ફોનની ક્વોલીટીની સાથે કિંમત વધી જાય છે. અહીં નોકીયા, સેમસંગ, એચટીસી, સોની, માઈક્રોમેક્સ, આઈફોન જેવી બ્રાન્ડના 'સ્માર્ટફોન' ખુબ જ સસ્તા ભાવે મળે છે.

### આ ગુજરાતી બનાવે છે ૨૨૦૦ રૂ.નું એક પાન




ભોજન બાદ મીઠુ પાન ખાવાના શોખીનોની સંખ્યા આપણે ત્યાં વધારે છે. પણ જો એમ કહેવામાં આવે કે રૂ. ૨૨૦૦નું એક પાન મળે છે. તો ભલભલાની આંખો ચાર થઈ જાય. પરંતુ એક ગુજરાતી જ ૨૨૦૦ રૂ.નું અધધ... કહી શકાય તેટલુ મોંઘુ પાન બનાવે છે તે એક હકીકત છે. કચ્છના ગાંધીધામમાં આવેલી 'જયશંકર' પાન શોપ દ્વારા સોનાના વરખ અને કેસરયુક્ત ૨૨૦૦ રૂ.નું મીઠુ પાન બનાવવામાં આવે છે. આ પાન માટેના ખાસ પત્તા છેક બિહારથી પ્લેન દ્વારા મંગાવવામાં આવે છે. જ્યારે તેના શોખીનોને દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ઉદેપુર સુધી ટ્રેન અને પ્લેન દ્વારા ખાસ પાનની ડિલિવરી કરવામાં આવે છે.

### જંગલી ભેંસને રાખવા માટે ઘરને બનાવ્યુ જંગલ

ડિસ્કવરી ચેનલ પર બતાવાતી જંગલી ભેંસનું નામ સાંભળી એક ક્ષણ માટે હૃદયમાં ગભરાટ થાય છે. કારણ કે આ પ્રાણી વાઘ-સિંહ જેવા ખુંખાર પ્રાણીઓને પણ ઘણીવાર માત આપી દે છે. અમેરિકાના ટેકસાસ શહેરમાં એક વ્યક્તિએ પોતાના ઘરમાં ૧૧૫૦ કિલોની જંગલી ભેંસ રાખી છે. રોની નામનો આ વ્યક્તિ ડાયનીંગ રૂમમાં જ્યારે જમવા બેસે છે અથવા ટીવી જુએ છે ત્યારે આ વિશાળકાય ભેંસ તેમની સાથે હોય છે. ભેંસ માટે તેમણે પોતાના ઘરને જંગલ જેવુ સજાવી દીધુ છે.

### લગ્નમાં પાંચ લાખથી વધુનો ખર્ચ કર્યો તો ગરીબ પરિવારની દિકરીના લગ્ન કરાવવા પડશે



લગ્નસમારંભોમાં થતાં વ્યર્થ ખર્ચને રોકવા, મહેમાનોની સંખ્યાને સિમિત કરવા અને અન્ય ખર્ચ રોકવા માટે એક બીલ લોકસભામાં રજૂ કરાશે. આ બીલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જે વ્યક્તિ લગ્ન સમારંભોમાં પાંચ લાખથી વધુનો ખર્ચ કરશે તેઓને ગરીબ પરિવારની દિકરીના લગ્નમાં પણ ફાળો આપવો પડશે. લોકસભામાં કોંગ્રેસના સાંસદ રંજીત રંજન આ બીલ રજુ કરશે.

### બુલેટ ટ્રેનની મુસાફરી દેવાદારો માટે નહીં

ભારતમાં ભલે ઘણા લોકો લોન લઈ તેનુ ચુકવણું કર્યા વગર વિદેશ ભાગી ગયા હોય પરંતુ ચીનમાં દેવાદારો માટે હવે જીવનનો રાહ આસાન નથી. ચીનની સુપ્રિમ કોર્ટે તાજેતરમાં આપેલા એક ચુકાદામાં દેવાદારો માટે હવાઈયાત્રા અને બુલેટટ્રેનની યાત્રા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ ઉપરાંત તેઓ કોઈ હોટલમાં નહી રહી શકે, ન તો મકાન લઈ શકશે. તેમના બાળકોને શાળામાં પણ પ્રવેશ નહી અપાય.

## ચાર્જના અધિકારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આર ટી ઓ કચેરીમાં વર્ષોના અંતે પણ મુલાકાતીઓ માટે પર્યાપ્ત પાર્કીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના લીધે મુખ્ય ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવાય છે. ટ્રાફિક નિયમનના ભંગની શરૂઆત પણ અહીંથી જ થાય છે. બીજીતરફ દબાણોથી ઘેરાયેલા કચેરી સંકુલ આસપાસ રહેતા સ્થાનિક નાગરિકો પણ આ સઘળી સ્થિતિથી તંગ આવી ગયા છે. આર ટી ઓ કચેરીના લેન્ડલાઈન ફોન પણ બંધ હાલતમાં હોવાથી નો રીપ્લાય મોડથી નાગરિકો પરેશાન થઇ ગયા છે.

## દહેગામ-બાયડ માર્ગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકા કક્ષાએ પણ વિવિધ કામોને મંજુરી આપી દેવાઇ છે. જયારે આગામી દિવસોમાં દહેગામ બાયડ માર્ગનુ પણ વાઇડનીંગ કામ પણ હાથ ધરવામાં આવશે. હાલ આ માર્ગની કામગીરીને અનુલક્ષી જંગલ કટીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. દહેગામ બાયડ માર્ગને ૭ મીટર માં થી ૧૦ મીટર પહોળો કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાઇ છે. જયારે આગામી દિવસોમાં આ કામગીરીને અનુલક્ષી એજન્સીને કામ પણ સોંપી દેવામાં આવશે. ટ્રાફિકથી ધમધમતા આ માર્ગનુ વાઇડીનીંગ કરવાનુ આયોજન થતા આગામી દિવસોમાં ટ્રાફિકને લગતી સમસ્યાઓનો પણ અંત આવી જશે. અલબત્ત ટ્રાફિક વ્યવ્હાર વધુ સરળ બનશે. દહેગામ બાયડ માર્ગને ચકાચક બનાવવા માટે અંદાજિત રૂ ૩૨ કરોડનો ખર્ચ થશે.